## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ક્યાંક તો આઠમી પહેલાં જ ખેલ ખેલાઈ ગયા!*
*ક્યાંક સગાં-સંબંધી માટે નિયમો ભેલાઈ ગયા!*
*વિલાઈ ગયો ચહેરો બેન્કનો 'કાળાં' કરતૂતે -*
*ઓછા હતા ભ્રષ્ટાચાર, બેન્કમાંયે ફેલાઈ ગયા!*

હાઈકુ

*લોકશાહીને -*
*મોઢે તાળાં મારીને -*
*ખાય છે 'સવ'*
*(બોલવા દેતા નથી!!)*

*લપેટી નાખી!*
*રાજકારણ રંગે*
*બેન્કો ને પણ...*
*(ખરડાઈ ઈમેજ)*

### ચિંતન

*કથાનુરૂપં પ્રતિવચનમ્ ।*

પ્રશ્નને અનુરૂપ ઉત્તર આપો.

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

કોઈ પણ પ્રશ્નનો ઉત્તર સમજી-વિચારીને આપવો જોઈએ. રાજનીતિમાં ઉત્તર આપવાની કલાનું જ્ઞાન આવશ્યક છે. પૂછનાર વ્યક્તિના માનસનો તાગ મેળવી ઉત્તર આપવો જોઈએ. જે પ્રશ્નનો ઉત્તર આપવાથી રાષ્ટ્રહિત જોખમાતું હોય તેને યેનકેન પ્રકારણે ટાળવો જોઈએ. રાજનીતિમાં સત્યનું બહુ મહત્ત્વ નથી.

આજકાલ, હવે બધા પક્ષોમાં 'પ્રવક્તા'ની નિમણૂંક થાય છે પક્ષની નીતિ-રીતિ અને મીડિયા સાથે પ્રશ્નોત્તરી એ જ કરે સાવધ, હોશિયાર અને ગોળ ગોળ જવાબ દ્વારા મીડિયાને મૂંઝવનાર એવી વ્યક્તિ 'પ્રવક્તા' થતા હોય છે.

પહેલાંના વખતમાં દરેક પ્રધાનશ્રી પોતાના વિભાગમાં 'પ્રગતિ' કરી, 'મારા કારણે' થયું એમ સીધું પત્રકારને કહેતા હવે સરકારશ્રી અને નેતાને જ તેનો 'યશ' આપવો પડે છે, નિવેદનોમાં બાફવાનો ભય હવે રહ્યો નથી.

### સુવિચાર

- 'જો' અને 'તો' ની શરતોની મળે એ સફળતા શું કામની?? - **સંત રોબિન**
- સમસ્યાઓ સ્ત્રી કે પુરુષને જાતિ જોઈને ક્યારેય નથી આવતી - **શ્રીલંકન કહેવત**
- અંધારાના સામ્રાજ્ય પાછળ ઘણી વાર બંધ રાખેલી બારીઓ પણ જવાબદાર હોય છે - **અખંડ આનંદ**
- પ્રેમના પ્રિઝમમાં રીસામણા પછી મનામણાના કિરણો પસાર કરવાથી સતરંગી આકર્ષણ મેઘધનુષ્ય રચાય છે - **સુરેશ દલાલ**
- સુગંધ પર દુર્ગંધ ઢોકળાથી દુર્ગંધ જ છોભીલી પડે છે - **એસ.એમ.એસ.**
- સ્વીકારનો અનુવાદ વિશાળતા કરી શકાય - **ડૉ. ચંદ્રકાન્ત મહેતા**
- જાતને આપણે જાતે જ ઓળખતા - સ્વીકારતા શીખવું પડે છે, પછી તો બધું એની જાતે થઈ જાય છે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : બાવળનું બીજ ચૂર્ણ અડધી ચમચી મધ સાથે લેવાથી હાડકા મજબૂત બને છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

સાચા હૃદયથી અને સાચા સંતે કહેલા માત્ર બે શબ્દ, આશીર્વાદ, શુભેચ્છા મળે તો બેડો પાર થઈ જાય - ગમે તેવા 'ચારિત્ર્યહીન'નું પણ પરિવર્તન થઈ જાય અને પરમ સાધુ થાય છે.

કબીરજી રાગ સંગીતમાં ખૂબ લીન થઈ ભજન ગાતા અને તેમને કંઈ જ શાન-ભાન રહેતું નહીં. પૂરણ ભગત એમનું ભજન સાંભળવા આવતા. એક વખત પૂરણ ભગતે કબીરજીને વિનંતી કરી, મારો ભાઈ સંગીતજ્ઞ છે તેનું નામ સૂરણ છે પણ તે ચારિત્ર્યનો શિથિલ છે. આજે એણે આપનું ભજન સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરી ચે આપની અનુજ્ઞા હોય તો સાંજે સત્સંગમાં તેણે પણ સાથે લઈ આવું!

કબીરજી ભજનને અંતે સાંભળનારને એક ખાસ સંબોધન કરતા - 'કહત કબીરા સૂનો ભાઈ - સાધુ' ભજન પૂરું થવા આવ્યું - ટેવ મુજબ કબીરજીએ તો ગાયું 'કહત કબીરા' - કબીરજી જૂઠા ન પડે એટલે પૂરણે તેમને અટકાવવા પ્રયત્ન પણ કર્યો - પણ કબીરજી ગાઈ ચૂક્યા હતા. સૂરણ પર આ શબ્દોની દિવ્ય અસર થઈ - ઊઠ્યો અને કબીરના ખોળામાં માથું રાખી ધ્રૂસકે ધ્રૂસકે રડ્યો - હવે તે ખરેખર સાચો સાધુ થઈ ગયો હતો.

# નોટબંધીના સવા મહિને શ્વેતપત્રની અપેક્ષા

દેશભરમાં નોટબંધીના ૩૫મા દિવસે બેંક એટીએમ પરની લાઈનો યથાવત રહી છે. ત્રણ દિવસની સતત રજા બાદ મંગળવારે બેંકો ખુલતા લાઈનો લાગી ગઈ હતી. મોટા ભાગની બેંકોમાં કેશ નહિ હોવાના કારણે બે હજાર કે પાંચ હજારની રકમ અપાતા જનજીવનમાં ભારે આક્રોશ પ્રસરતો જાય છે. બિહાર અને ઉત્તરપ્રદેશમાં વધુ બેના મોત થતાં નોટબંધીથી થયેલા મૃત્યુ આંક ૮૬ પર પહોંચ્યો છે. અલ્હાબાદમાં તોફાનો થયા છે તો ક્યાંક એટીએમ સળગાવાયું છે. મંગળવારની સવારે ૨૨ શહેરોમાં લાઈનોમાં ઊભેલા લોકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. આમ જનાક્રોશ ઉત્તેજિત થતો જાય છે. કાળાં નાણાં અને બનાવટી નોટો કેટલી પકડાશે?! ક્યારે પકડાશે અને કેમ પકડાશે ?! એ બધા સવાલોની વચ્ચે પણ દેશનો સામાન્ય માણસ પોતાના જ પૈસા મેળવવા માટે વળખા મારે છે.

દેશના અર્થશાસ્ત્રીઓનું માનીએ તો સ્થિતિને યથાવત થતાં હજુ છ મહિના લાગશે. પૂર્વ નાણાંમંત્રી ચિદંબરમના મત મુજબ હજુ સાત મહિને સ્થિતિ થાળે પડશે. નોટો છપામણીની ગતિ અને વિતરણ વ્યવસ્થા જોતાં બેંકનાં સૂત્રો કહે છે કે એપ્રિલ-મે મહિના સિવાય રોકડની તંગી દૂર થઈ શકે તેમ નથી. ચારે તરફ હાલાકી વધતી જાય છે. નાના મોટા- વેપાર-વ્યવસાયના વ્યવહારોમાં ૪૦ થી ૫૦% ની ઘરખમ ઘટાડો નોંધાઈ રહ્યો છે. રોજેરોજની આવક મેળવતા મજૂરો બેરોજગાર થઈ રહ્યા છે. અશિક્ષિતોની બેરોજગારી ચિંતા વધારશે. ચોરીઓ અને લૂંટ વધશે... નવા પ્રશ્નો ઊભા થશે... 'બકરું કાઢતાં ઊંટ પેસી જશે' પરિસ્થિતિ થાળે પડતાં - પડતાં નવા ચિંગડા મારવા પડશે. હવે માત્ર ૧૫ દિવસ બાકી છે ત્યારે હજુ કોઈ નવી યોજનાની અપેક્ષા બજારમાં વર્તાય છે.

હજુ પણ મોડું થાય તે પહેલા નાણાં મંત્રાલય અને રિઝર્વ બેંકે પ્રજાકીય હાલાકીને ઓછી કરવા નક્કર પગલા લેવા જોઈએ. રોકડનો જથ્થો બેંકો અને એટીએમના રાત-દિવસ કામગીરી ગોઠવવી જોઈએ. સરકારી અને અર્ધ સરકારી કચેરીઓ અને એજન્સીઓના માધ્યમથી પણ પ્રજા સુધી આર્થિક વ્યવસ્થાઓ ગોઠવવી પડે. ડિજિટલ પેમેન્ટની સમજદારી માટે ગલીએ ગલીએ ઝુંબેશ ચલાવવી જોઈએ. પરિસ્થિતિ જે રીતે બગડી રહી છે તેમાં સમાજના તમામ વર્ગોને વિશ્વામાં લઈ સાચી સમજણ આપવાનો વ્યાપક પ્રયાસ કરવો જોઈએ. ૩૫-૩૫ દિવસથી નોટબંધીને પગલે સર્જાતી હાલાકીથી વિશ્વાસની કટોકટી ઊભી થઈ રહી છે જે શાસક કે વિરોધ પક્ષ માટે ખુબ ચિંતાજનક છે.

નોટબંધીના પગલે પકાવાતી રાજકીય ખીચડીઓ અટકાવવાનો સમય આવ્યો છે. ભાજપે પણ સંયમ રાખવો અનિવાર્ય છે અને કોંગ્રેસે સાથી પક્ષોએ પણ સંયમ અને ધીરજથી કામ લેવું જરૂરી છે. બધા જ પક્ષો પ્રજાને ગુમરાહ કરે છે. લક્ષ્ય સ્પષ્ટ નથી. માર્ગ ખરબચડો છે. વાતાવરણ ધૂંધળું છે...કોલાહલ ભારે છે... સૌને દોડવું છે પણ દિશા વગર. દેશ આખો અસમંજસમાં છે. વૈચારિક સ્પષ્ટતાના અભાવે નીતનવા નિયમો આવે છે અને પાછો આમ આદમી અટવાય છે. પ્રધાનમંત્રી

**તંત્રીસ્થાનેથી...**

અને સરકાર ફરીથી સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કરી શ્વેતપત્ર જાહેર કરે. ક્યાં જવું? કેટલે ઊભા છીએ? ક્યાં ઊભા છીએ? ક્યાં અટવાયા છીએ? અને શું ઉપાય છે? આ બધા જ પ્રશ્નોના જવાબની દેશને અપેક્ષા છે.

## એમ કહેવાય છે કે નામમાં શું છે, પણ ખરેખર નામમાં ઘણું બધું છે એવું તમને નથી લાગતું

'હું કવિ કુંજવિહારી બોલું છું.'

ફોન પર અવાજ આવ્યો એટલે પુછાઈ ગયું. 'બોસ, કોણ કુંજવિહારી' અવાજ ખાસ કંઈ જાણીતો પણ ન હતો.

'અરે, કવિ કુંજવિહારી, ઓળખતા નથી, હું કવિતા કરું છું.' તેણે એવું ભાર દઈને કહ્યું જાણે કે પથ્થર તોડતા હોય.

'શું ટી.વી. પર તમે મને જોયો નથી. હાસ્ય કવિતા રજૂ કરું છું ને.'

હવે ખબર પડી. આજકાલ જેને ઠીક લાગે તે પોતાના નામ આગળ કવિ લખે છે. ફેસબુકમાં તો એવા અનેક કવિ છે. કવિ સુમન, કવિ રુદ્રપ્રદાપ, કવિ ઘનશ્યામ. તેમની ફ્રેન્ડ રીકવેસ્ટમાં આગળ પહેલાં કવિ લખેલું હોય છે.

આ સાહેબ કૃષિમેળામાં પોતાનું હાસ્ય કવિ સંમેલન કરાવવા માટે મથતા હતા.

પહેલાં લોકો પોતાના નામની આગળ ગીતકાર લખાવતા. જો કે તેઓ લગાવે નહીં તો પણ લોકો તેની સાથે ગીતકાર શબ્દ જોડી દેતા. મોટા ભાગે આ પરંપરા ફિલ્મોમાંથી આવી હશે. કેમ કે તેમાં નામની આગળ ગીતકાર લખાતું, એવું સાંભળવા મળેલું કે આ પરંપરા બહુ મહેનત બાદ નિદા ફાઝલીએ શરુ કરાવેલી. પહેલાં તો ગીતકારનું નામ અપાતું જ નહોતું. પછીથી રેડિયોમાં એનાઉંસમેન્ટ થતું કે ગીત લખ્યું છે સાહીર લુધીયાનીએ, એમ જ ગીતકાર ઉપેન્દ્ર, ગીતકાર મસ્તાના, ગીતકાર અમૃતસરી વિગેરે વિગેરે... જાણે કે ગીતકારો તો માત્ર ફિલ્મોમાં જ હોય છે. જેનાં ગીત ફિલ્મોમાં નથી રજૂ થતાં એ ગીતકાર નથી.

એમ જ બધા ગઝલ લખનારા પણ ગઝલકાર લખવા લાગ્યા. શાયર લખવું ગમતું નહીં તેથી ગઝલકાર લખવા લાગ્યા. જોકે મોટા મોટા શાયરોએ પોતાના નામ આગળ શાયર એવું ક્યારેય લખ્યું નથી.

કવિઓ અને લેખકો પણ પોતાના નામની આગળ કે પાછળ કોઈ ઉપનામ કે તખલ્લુસ લખે જ છે. જેમ કે રૂસ્વા, ઘાયલ, વિદ્રોહી, દિવાના, મસ્તાના, દીપક, સાગર, મજબૂર વિગેરે વિગેરે.... જેમનાં નામ ગામડીયા જેવાં હોય તે અંગ્રેજી નામોની જેમ ટૂંકાક્ષરી નામ લખે છે. જેમ કે બી.આર. સુમન. એમ.એસ. રાહી, શૂન્ય પાલનપુરીમાંથી પ્રેરણા લઈ અનેક કવિઓ પોતાના નામ સાથે ગામના નામ જોડવા લાગ્યા. દફન વીસનગરી, મનુ મહેસાણવી, દીન દહેગામા. પણ હવે આડુ અવળું લખ્યા કરતાં સીધું કવિ જ લખે છે. તે સાહસનું પરિચાયક



નવાં કલેવર
નટવર હેડાઉ

પણ છે. એકવાર તો હદ થઈ ગઈ. ફોન આવ્યો. 'હું સાહિત્યકાર ગુમનામસિંહ બોલું છું.'

'અચ્છા, તમે સાહિત્યકાર છો' હું જરા આશ્ચર્યથી પૂછી બેઠો.

'અરે ભાઈ સાહિત્યકાર છું એટલે તો નામની આગળ સાહિત્યકાર લગાવ્યું છે. નામ તો અમે ગુમનામ રાખેલું તોયે સાહિત્ય જગતમાં મશહુર થઈ ગયા બોલો. મારું એક પુસ્તક આવ્યું છે. 'લખવા-લખાવાના નુસ્ખા' શિક્ષણ વિભાગમાં વાત કરોને. કંઈ લેવાદેવાનું હોય તો પણ નિઃસંકોચ કહેજો.'

સાહિત્ય જગતની અમુક સંજ્ઞાઓ તો સામાન્ય લોકોએ પણ અપનાવી લીધી છે. સમિક્ષા, ભૂમિકા, જેવાં છોકરાઓનાં નામ રાખે છે. કવિતા નામ તો બહુ કોમન છે. હાં સુલોચના તો રાખે આલોચના નહીં રાખે, પદમા અને પદમસિંહ તો રાખશે કોઈ પદ્યસિંહ નહીં રાખે. ગબ્બરસિંહ હોય પણ ગદ્યસિંહ જોયા ન મળે. કથાકાર, વાર્તાકાર હજુ નામોમાં સામેલ થઈ શક્યા નથી. એ જ રીતે સંસ્મરણસિંહ નો તો કોઈએ વિચાર પણ કર્યો નહીં હોય. નહીંતર એ એક સારું નામ થઈ શકે.

'ગુમનામસિંહ એમ જ કહોને એમાં સાહિત્યકાર આગળ લખવાની શું જરૂર છે.' એમ કહ્યું એટલે સાહિત્યકાર ગુમનામસિંહ ખીજાઈ ગયા. અરે ભાઈ ડોક્ટર પોતાના નામ આગળ ડોક્ટર લગાવે એ તો ઠીક છે. કંપાઉન્ડર પણ ડોક્ટર લગાવતા થઈ ગયા છે. સ્કૂલના શિક્ષકો પોતાના નામ આગળ અધ્યાપક લખાવે છે. યુનિવર્સિટીમાં બધા એક બીજાને ડોક્ટર કહી બોલાવે છે. સાલ્લુ દવા કોઈ નથી આપતા. સિપાઈ પોતાને ઈન્સ્પેક્ટર તરીકે ઓળખાવે છે. નેતા પોતાના નામ આગળ મંત્રી લખે છે, તો પછી સાહિત્યકાર શું કામ ન લખે. તમે જ કહો.

વાત તો સાચી છે. સાહિત્યકાર છો તો નામની આગળ લખો. તેમાં શરમાવાનું ક્યાં આવે છે. બીજા તમને સાહિત્યકાર કહે તેની રાહ જોવાની શું જરૂર છે.

ગામમાં જમીનદાર હોય છે. જમીન વેચાઈ જવા છતાં લોકો કહેશે જમીનદારને ત્યાં

અનુસંધાન પાના નં. ૭ પર

# મેરેજ ફંડા : ફિલિંગ્સના બેક-સ્ટેજમાં ઓનરશિપ

નેધરલેન્ડના ડચ ચિત્રકાર રેમ્બ્રાં(૧૬૦૬-૧૬૬૯)એ કહેલું કે "સ્ત્રી ખુદ કળા અને સૌંદર્યનું જીવંત દૃષ્ટાન્ત છે. સ્ત્રીની હંમેશા કદર જ કરવી જોઈએ. ભલે એ કોઈ પણ સંબંધ અને કોઈ પણ સ્વરુપમાં હોય. સ્ત્રી મા, હોય, બહેન હોય, પ્રેયસી અને પત્ની હોય કે દીકરી હોય અથવા કોઈ પણ સંબંધ હોય. પૃથ્વી ઉપર ઈશ્વરનું જીવંત સ્વરુપ એટલે સ્ત્રી."

ઋગ્વેદના સંસ્કૃત સુભાષિતમાં કહેવામાં આવ્યું છે કે "ભોજનેષુ માતા, શયનેષુ રંભા, સેવેષુ દાસી, કાર્યેષુ મંત્રી" દરેક સ્ત્રી જુદા જુદા સમયે જુદી જુદી ભૂમિકા નિભાવીને પોતાનું ધ્યાન રાખવાનું વિસરી જઈને પણ ઘર-પરિવારની પ્રાથમિકતાઓને જ પ્રાયોરિટી આપે છે. એકવીસમી સદીમાં છેક સને ૨૦૦૩માં સંયુક્ત રાષ્ટ્ર સંઘ તરફથી આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ મનાવવામાં આવ્યું અને પ્રતિ વર્ષ વિશ્વ મહિલા દિવસ પણ મનાવાય છે. આજની નારી નોકરી-વ્યવસાય કરીને ઘરમાં પિતા-પતિ-પુત્ર-પુરુષવર્ગને આર્થિક સહયોગ પણ આપે છે. આવી દરેક નારીએ સ્વયંને એક સવાલ પુછવા જેવો છે કે "શું તે પોતે ઘર-પરિવાર માટે નાણાં કમાઈ આપીને મદદરુપ થવાનું મશીન તો નથી ને?"

સ્ત્રીના જન્મથી લઈને જીવનના સરેરાશ વીસ-વીસ વર્ષના ત્રણ તબક્કા ગણીએ તો પહેલા તબક્કામાં પિતા, બીજા તબક્કામાં પતિ અને ત્રીજા તબક્કામાં પુત્ર (જો હોય તો) પ્રેમ, લાગણી અને સંભાળના આવરણ નીચે મોટા ભાગના કિસ્સાઓમાં માલિકીથી કમ વર્તાવ કરતા નથી.

આપણે સરેરાશ આયુ ૬૦ વર્ષ ગણીએ તો સામાન્ય રીતે દરેક સ્ત્રીના જીવનમાં વીસ-વીસ વર્ષની સરેરાશના ત્રણ તબક્કા જોવા મળે. પહેલો તબક્કો જન્મથી લઈને યુવાવય અને લગ્ન પૂર્વનો ગાળો. બીજો તબક્કો લગ્નથી શરુ કરીને સરેરાશ વીસ વર્ષ તથા ત્રીજો તબક્કો ચાળીસ અથવા એ પછીથી લઈને મૃત્યુ સુધીનો ગાળો. પહેલા તબક્કામાં પિતાની છત્રછાયા, બીજા તબક્કામાં પતિની છત્રછાયા અને ત્રીજા તબક્કામાં દીકરાની છત્રછાયા. મોટા ભાગના કિસ્સામાં છત્રછાયાના બદલે પુરુષનું માલિકીપણું કહીએ તો યોગ્ય જ ગણાશે. વાત ફિલિંગ્સના બેક-સ્ટેજમાં ઓનરશીપની છે.

સમાજની આપણી સરેરાશ અને સામાન્ય વ્યવસ્થા એવી છે કે દીકરી જન્મથી લઈને ૨૦ વર્ષની થાય ત્યાં સુધી તેના ઉપર પિતા અને ક્યાંક ભાઈની છત્રછાયા હોય. એક અર્થમાં તો પુરુષનું આ માલિકીપણું જન્મથી શરુ થાય. પિતા માલિકના અર્થમાં નથી છતા પિતાના પ્રેમ આગળ દીકરી પરવશ બનીને હ્યાગરી થઈને વર્તન કરે.

એકવીસ વર્ષની ઉંમરે અથવા સ્ત્રી લગ્ન કરે તે ઉંમરથી લઈને જિંદગીના બીજા વીસ વર્ષના તબક્કા માટે સ્ત્રી ઉપર ચાળીસ અથવા પિસ્તાળીસ કે પચાસ વર્ષ સુધી તેના પતિનું માલિકીપણું જાણે-અજાણે પણ હાવી થઈ જાય છે. નોકરીયાત પત્નીને પતિ મોબાઈલ કરે "ક્યાં છું? મોબાઈલ કેમ એન્ગેજ આવતો હતો? કોનો ફોન હતો? ઓફિસથી નીકળી કે નહીં? કેટલા વાગે આવીશ? આજે મોડું કેમ થયું? હું લેવા આવું? હું મૂકવા આવું?" વગેરે ઉપાયો પહેલી નજરમાં તો સ્ત્રીને એમ જ લાગે કે પતિનો પ્રેમ છે. પરંતુ સૂક્ષ્મ અવલોકન કરો ત્યારે આવી કેર-ટેકિંગમાં જાસુસી જ હોય છે.

ત્રીજા તબક્કાની વાત કરીએ. સ્ત્રીના જીવનના ચાળીસ-પિસ્તાળીસ-પચાસ વર્ષ પછી જો તેને સંતાનમાં દીકરો હોય તો તે દીકરો પોતાની મા ઉપર માલિકીહક્ક ભોગવવાનું શરુ કરી દે. વર્ષોની સરેરાશ સ્થિતિ બદલાતી પણ રહે. દીકરો સમજણો થાય અથવા વીસેક વર્ષનો થાય ત્યારથી પોતાની મા ઉપર માલિક તરીકે આધિપત્ય અને હુકમ ચલાવતો થઈ જાય. કેટલાક કિસ્સામાં સ્ત્રી ચાળીસ-પિસ્તાળીસ-પચાસ વર્ષની થાય ત્યાં સુધીમાં પતિ અને પુત્ર એમ બે માલિક થઈ જાય એવું પણ બનતું જોવા મળે છે. બાહ્ય દેખાવમાં તો એમ જ લાગે કે પતિ અને પુત્ર કેરિંગ નેચરના છે. સ્ત્રીની કેટલી બધી કાળજી રાખે છે, એવું લાગે. પરંતુ વાસ્તવમાં એવું હોતું નથી.



ગુલમહોર
દિનેશ દેસાઈ

વાત શ્વેતાની કરીએ. ચાર સંતાનોમાં શ્વેતાને મા-બાપના ઘરે હંમેશા ઓછું આવે. છતા સગા મા-બાપનો સૂક્ષ્મ ભેદભાવ જતો કરીને ભણી-ગણીને આગળ વધી. સરકારી અધિકારી તરીકે નોકરી કરતી શ્વેતાના લગ્ન અમદાવાદના કોટ વિસ્તારમાં છાપરાવાળા ઘરમાં રહેતા પરિવારના સામાન્ય યુવક યોગેશ સાથે કરવામાં આવ્યા. યોગેશ કોઈ નોકરી કરતો નહોતો. માત્ર છૂટક અને પરચુરણ કામ કરતો. આમ છતા શ્વેતાએ પોતાની જિંદગી સારી રીતે પસાર થાય એવા આશયથી સામાન્ય ઘર-પરિવાર અને સાવ સામાન્ય યુવાન પતિ તરીકે પસંદ કર્યો. શ્વેતાને એમ હતું કે સામાન્ય સાસરિયાં હોય અને સાધારણ યુવક હોય તો કોઈ માથાકૂટ વિના જીવન શાંતિથી પસાર થઈ શકે.

હવે આ તરફ લગ્નના પહેલા જ દિવસથી પતિ યોગેશની નજર પત્ની શ્વેતાની સરકારી નોકરી અને સરકારી સ્કેલ પ્રમાણેના તગડા પગારના આંકડા ઉપર જ રહેલી. આજે લગ્નના વીસ વર્ષ પૂરા થવા હોવા છતા અને નોકરીઓ મળતી હોવા છતા યોગેશે કોઈને કોઈ બહાનાઓ કાઢી કાઢીને નોકરી કરવાનું ટાળ્યું. તે છૂટક અને પરચુરણ કામ કરે. કોઈ કોલ કરે કે બોલાવે તો કામ કરવા જાય. એવા છૂટક કામોમાંથી તેને જે રકમ આવક તરીકે મળે એ રકમ તે ઘરમાં ઘરખર્ચ તરીકે આપવાના બદલે પોતાના પોકેટમની તરીકે જ ઊડાવી દે. શ્વેતાએ સમજ કેળવવી પડી કે ઘરનો ખર્ચ તેણે જ ઉપાડવાનો છે. (૧) ઘર ખરીદ્યું તેની હાઉસિંગ લોનનો હપતો, (૨) અનાજ-કરિયાણું, (૩) લાઈટબિલ, (૪) કાર-લોનના હપતા, (૫) દીકરો અને દીકરીની સ્ટડી ફી તથા ટ્યુશન ફી સહિત બધો જ ખર્ચો શ્વેતાના પગારની રકમમાંથી કરવાનો રહે. હદ તો ત્યારે થાય કે યોગેશ બાળકોના માનસને એમ કહીને મા વિરુદ્ધ બહેકાવે કે જુઓ, તમારી માને તમારી સારસંભાળ માટે સમય જ મળતો નથી. શ્વેતા એકવીસમી સદીની નારી છે. પરંતુ તે આજે જિંદગીના પિસ્તાળીસમા કે પચાસમા વર્ષે કોને ફરિયાદ કરવા જાય કે પોતાનો પતિ આવો નમાલો છે.

સ્ટોપર :

"જીવનકાળમાં દરેક વ્યક્તિ પોતપોતાની ગરજ પ્રમાણે એકમેક સાથે વ્યવહાર કરે છે. ગરજ વિનાનો અને મતલબ વિનાનો યા કોઈ પણ લાલચ વિનાનો વ્યવહાર એટલે માત્ર અને માત્ર પ્રેમ. જેમાં કોઈ સ્વાર્થ ન હોય એ સંબંધનું નામ પ્રેમ."

—નિત્સે

# અફવાની અફડાતફડી...!! સત્યાનાશ કાઢતાં વોટ્સએપના વાઈરલ સેન્સલેસ મેસેજ...!!

'એક્સિસ બેન્કમાંથી રૂપિયા ઉપાડી લેજો, ગમે ત્યારે એ બંધ થઈ શકે છે.' આ એક મેસેજ બે દિવસથી વિવિધ ગ્રુપમાં ફરતો થયો છે અને આપણે બધા ફોરવર્ડ શૂરાઓ એને ફટાફટ બીજાને મોકલવા અધીરા થઈ ગયાં છીએ... આ મેસેજ શું કામ? આવા તો કંઈ કેટલાય મેસેજ, ખાસ કરીને 'અફવા'ને હવા આપવાનું કામ થઈ રહ્યું છે. 'ટાઈમ પર્સન ઓફ નરેન્દ્ર મોદી' તો ક્યારેનેય ડિક્લેર થઈ ગયા, પણ જયારે અખબારમાં ટ્રમ્પને બતાવ્યા અને મોદી તો બીજા ક્રમેય નહોતાં ત્યારે પેલા ફરતાં થયેલા મેસેજનું શું? કેટલાં સાચાં?



સવાર પડે ને આપણે મોબાઈલમાં આવો કોઈ સનસનીખેજ મેસેજ આવે એટલે આપણી નૈતિક ફરજ સમજીને એને વાઈરલ કરવા બધા લાગી જ પડતા હોય છે. શું દરેક મેસેજ ફોરવર્ડ કરવા જરૂરી છે? અને થાય તો કરવામાં જ છે તો એનું ગાંભીર્ય કે સત્યતા ચકાસવાની જરૂર ખરી કે નહીં? સરકારે પાંચસો અને હજારની નોટ બંધ કરી એની કેટલી ચર્ચા ચાલી. કેટલાય લોકોને નોટોની થપ્પીઓ સાથે બતાવી કરચોર કે દેશદ્રોહી સાબિત કરી દીધાં. એ પૈકીના કેટલા સાચ્ચે જ ગદ્દાર હતા? એકેય નહીં. નોટોની લ્હાયમાં ને લ્હાયમાં લોકને મીઠાને લપેટ્યું...

વોટ્સએપમાં થયેલા વાઈરલ ફેક મેસેજને લીધે લોકોએ મીઠાનો સંગ્રહ કર્યો. મીઠાની એવી અફવા ચાલી કે નોટ બદલવા બેંકની જેમ કરિયાણાની દૂકાને મીઠાની લાઈનો લાઈનો લાગી. અરે ભાઈ થોડું તો સમજો સામાન્ય પરિવારને મહિને એક કીલો મીઠું થઈ રહે તોય લોકોએ દસ-દસ કિલો ભરી લીધું!

વોટ્સએપમાં વાઈરલ થતી અફવાનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે. અહીં એકાદો મેસેજ, વાર્તા કે સંદેશો ફેલાતા વાર નથી લાગતી. રિલાયન્સે ૪-જી લોન્ચ કર્યા બાદ થોડા જ દિવસોમાં બીએસએનએલે ૪-જીની ઓફર આપી જે જીયો કરતાં સસ્તી હતી નો મેસેજ વાઈરલ થયો. જીયોનું આવેલું મસમોટું બીલ ના મેસેજમાં બીલની એમાઉન્ટ ૩૯૮૨૭ બતાવીને રાતોરાત ઘણાને સિમકાર્ડ કાઢીને ફેંકવા મજબૂર કરી દે એવી અફવા ચાલી!

સોશિયલ મીડિયામાં શેઅર થતી કોઈ પણ માહિતીને

*તારી ને મારી ચર્ચા આપણી વચ્ચે હતી,*
*તોય એમાં આખી દુનિયા આપણી વચ્ચે હતી.*
*આપણે એકાંતમાં ક્યારેય ભેગાં ક્યાં થયાં?*
*તોય જો ને અફવા આપણી વચ્ચે હતી!*
*– ખલીલ ધનતેજવી*

બેજવાબદારીપૂર્વક મસ્ત કોપી-પેસ્ટ કરીને ફોરવર્ડ કરી ફુલણશી કાગડા થઈને ફરતા લોકોનો રાફડો ફાટ્યો છે. એ લોકો ઐશ્વર્યાને આત્મહત્યા કરાવે છે અને અમિતાભ બચ્ચનને મરેલો બતાવી એની સ્મશાનયાત્રા પણ કાઢે છે. યો યો હનીસિંગને પણ અકસ્માતમાં મારી નાંખે છે અને સલમાન કે આમિરખાનની બોગસ સિક્સપેક બોડી પણ ફરતી કરે છે!!

અમદાવાદ-ચેન્નાઈ નવજીવન એક્સપ્રેસને ઉથલાવી પાડતા ફોટા મુકીને કેટલાંયના હાર્ટ ફેઈલ કરે છે. કોઈ બાળક રેલવે સ્ટેશનથી કે ફલાણી જગ્યાએ પોલીસ સ્ટેશનમાં મળ્યું છે એવાં ફોટોની તો ભરમાર ચાલી છે. કોઈને અકસ્માત થયો, પાકિટ ખોવાયું કે બેંકમાંથી કેશ ઝૂંટવી જેવી અફવા તો સામાન્ય થઈ છે, અને એમાં ખરેખર કોઈ જરૂરિયાતમંદ તો બચારો લટકી પડે છે.

છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં લગભગ બધા પાસે સ્માર્ટફોન આવી ગયા છે. ફેસબુક - વોટ્સએપના વધતાં વપરાશને કારણે સેકન્ડમાં કોઈ પણ માહિતી હજારો લોકો સુધી સડસડાટ પહોંચે છે. માત્ર આ બીજા કોઈ પાસેથી આવેલી માહિતી-પોસ્ટની સત્યતા - ભરોસો કેટલો? ફોરવર્ડેડ મેસેજ સમય જતાં ખોટાં છે એવું સાબિત થાય થાય ત્યાં સુધી તો ગામ આખામાં ફરી ચૂક્યા હોય છે.



Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

થોડાં સમય પહેલાં ગુજરાતી હીરો નરેશ કનોડીયાની લોકોએ અંતિમવિધિ કરી નાંખી. લોક ડાયરાના કલાકાર કીર્તિદાન ગઢવીને પણ મૃત જાહેર કર્યા. પછી ખબર પડી કે આ ફેક ન્યુઝ છે. ગુણવંત શાહ ગુજરી ગયા ત્યારે તેમના સરખા નામ વાળા ગુણવંત શાહનો ફોટો ફરતો થયો. જયલલિતા હજુ તો વેન્ટિલેટર પર હતા ત્યાં તો એમને પણ મારી નાંખ્યા. દિલ્હીના આપ પાર્ટીના સભ્ય રાજેન્દ્રકુમારે પક્ષ બદલ્યો એમાં હીરો રાજેન્દ્રકુમારનો ફોટો મુક્યો... ધ ટેલિગ્રાફમાં સાત ઓક્ટોબરની જૂની તારીક બતાવી.... જેવા બધા ફેક ન્યૂઝ વોટ્સએપ પર ફરતાં હોય છે.

આવું બધું બનતાં આ મીડિયા પરથી હવે વિશ્વાસ ઉઠવા લાગ્યો છે. વોટ્સએપ પર આવેલા કોઈ મેસેજ અને એમાંય ખાસ કરીને જેમાં સાચ્ચે જ સમજવું પડે કે આવું હશે? એને ફોરવર્ડ કરતાં પહેલાં ખાસ વિચારવું રહ્યું. કોઈ ધર્મ-જાતિના મેસેજ કે જેનાથી બે ધર્મો વચ્ચે વૈમનસ્ય પેદા થાય, એને શું કામ આગળ ધકેલવા?

બે હજારની નવી નોટ જમીનમાં ૨૦ મીટર ઉંડે દાટો તોય સેટેલાઈટ પકડી પાડશે. અથવા બે હજારની નોટ પર નવા ગવર્નર ઉર્જીત પટેલ છ મહિના પહેલા કેવી રીતે સહી કરી? કે ઉર્જિત પટેલ અંબાણીના જમાઈ છે... વગેરે વગેરે મેસેજ મજાક ફરવી નાંખે છે. મોદી ભક્ત વિરુદ્ધ કોંગ્રેસ ભક્તો તો લિટરલી ત્રાસ કરે છે. કોને સાચા માનવા? કોને અફવા ગણવી? ખબર જ ન પડે!

પાંચ-સાત ગ્રુપમાં મેસેજ ફોરવર્ડ કરો એટલે બસો રૂપિયાનું રિચાર્જ થાય, વર્લ્ડકપ ક્રિકેટની ટી-શર્ટ મળે, પાંચસો રૂપિયામાં એપલનો ફોન મળે... કે વોટિંગ કરવાથી નરેન્દ્ર મોદી ટાઈમમાં ટોપ પર આવે, તાજમહેલ દુનિયાની અજાયબી બને, આપણું રાષ્ટ્રગીત 'જન ગન મન...' શ્રેષ્ઠ રાષ્ટ્રગીત જાહેર થાય... આવું ના બને રાજા, થોડી સમજશક્તિ કેળવવી જરૂર છે.

ક્યાંક એવું વાંચવામાં આવે કે સોફ્ટ ડ્રિંક્સમાં ઈબોલા વાઈરસ ઉમેર્યો છે એટલે ઓક્ટોબર - નવેમ્બરની મેન્યુફેક્ચરિંગ ડેટ ધરાવતાં સોફ્ટ ડ્રિંક્સ પીવા નહીં... મોટા જાણીતા હીરો-હીરોઈનને જીવતે જીવત શ્રદ્ધાંજલિ આપવાના મેસેજ તો હદ થઈ ગઈ છે. હવે, આવા મેસેજ પર સાયબર પોલીસ વોચ રાખે છે, માત્ર મેસેજ બનાવીને મોકલનાર નહીં પણ આવા મેસેજ મોકલનાર ગ્રુપ એડમિન પણ સંકટમાં આવી જશે.

સોશિયલ મીડિયાના આવા ફેક ન્યૂઝને કારણે અફડાતફડી મચી

અનુસંધાન પાના નં. ૭ પર